**કૃપાકરી પ્રસિધ્ધી માટે -** **૯ સપ્ટેંબર ૨૦૧૧**

## તારાપુર પ્રકલ્પપીડિત માછીમારોને માછીમારી માટે જમીન આપવાનો મુંબઈ ઉચ્ચ ન્યાયાલય નો હુકમ

**મુંબઈ, શુકવાર :** તારાપૂર અણુઉર્જા પ્રકલ્પપીડિત પોફરણના માછીમારોને દરિયાકાંઠે જરૂરિયાત મુજબ જમીન ફાળવવામાં આવે તેવો હુકમ મુંબઈ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયમૂર્તી શ્રીમતી રંજના દેસાઈ અને ન્યાયમૂર્તી શ્રી રાજેશ કેતકર ની ખંડપીઠે ગયી કાલે આપ્યો હતો. તારાપૂર પ્રકલ્પપીડિતો એ કરેલ રીટ યાચિકામાં પ્રકલ્પગ્રસ્તો વતી માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક અને સચિન પુંડે એ પક્ષ રજૂ કર્યો હતો, અને મહારાષ્ટ્ર સરકાર વતી ઍડ.નિતીન દેશપાંડે અને ન્યુકિલયર પૉવર કોર્પોરેશન વતી ઍડ. રાજે કુમાર અને એલ.એ.મુનીમે પક્ષ રજૂ કર્યો હતો.

આ પ્રકરણે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "તારાપૂર અણુઉર્જા પ્રકલ્પ ૩ અને ૪ માંથી ૧,૦૮૦ મૅગાવૅટ વીજળી નું ઉત્પાદન શરૂ થયે પાંચ વર્ષ પૂરાં થયા હોવા છતાંય પોફરણ નાં માછીમારોને દરિયા કાંઠાની જમીન હજૂ સૂધી આપવામાં આવી નથી. તેમનું યોગ્ય હશે તે મુજબ પુનર્વસન કરીશું તેવી હૈયાધારણ મહારાષ્ટ્ર સરકાર ના ઍડવોકેટ જનરલ શ્રી થોરાતે ઉચ્ચ ન્યાયાલય માં ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૫ નાં ન્યાયમૂર્તી એ.પી. શાહ અને એસ.સી. ધર્માધિકારી ની ખંડપીઠે આપી હતી. છતાંયે તેવા કોઈ ઠોસ પગલાં લેવામાં આવ્યા નથી. એ સિવાય મેં પોતે આગળ આવી થાણા જીલ્હાધિકારી સાથે આ બાબતે ૨૩ ડિસેંબર ૨૦૧૦ ના ચર્ચા કરી. ચર્ચા ને અંતે માછીમાર પ્રકલ્પગ્રસ્તો ના પુનર્વસન ના ભાગ સ્વરૂપે ઉનભાટ ખાતે બોટ લાંગરવા માટે જમીન ફાળવવા માટે માન્ય કર્યુ હતું. તે પ્રકરણ બાબતે નિર્ણયમાં વિલંબ ન થાય તે માટે મુયપ્રધાન શ્રી પૃથ્વીરાજ ચવ્હાણને ૧૪ ડિસેંબર ૨૦૧૦, ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૧ અને ૫ માર્ચ ૨૦૧૧ ના ચર્ચા માટે સમય આપવા વિનંતી કરી હતી. તેમજ ૩૦ ડિસેંબર ૨૦૧૦ નાં રૂબરૂ મળી ચર્ચા માટે સમય આપવા વિનંતી કરી હતી. છતાંયે મુખ્યપ્રધાને ચર્ચા માટે સમયજ નથી આપ્યો."

સરકાર ની સંવેદના રહિત વ્યવહાર વિરૂધ્ધ શ્રી રામ નાઈકે આજે ઉચ્ચ ન્યાયાલય ની ખંડપીઠ સમક્ષ દલીલ કરી હતી. ન્યાયમૂર્તી શ્રીમતી રંજના દેસાઈ એ નિવાસ માટે મકાન આપવા એટલે પુનર્વસન નું કાર્ય પૂર્ણ થતું નથી એમ કહી પ્રકલ્પપિડીતોને તેમના માછીમારી ના વ્યવસાય ખાતર જમીન ાને જરૂરિયાત મુજબની સગવડો આપવી જોઈએ તેમ કહ્યું હતું. મહારાષ્ટ્ર સરકારની વતી ઍડ. નિતીન દેશપાંડે અને ન્યુકિલયર પૉવર કોર્પોરેશન ની વતી ઍડ. રાજેશ કુમાર ની દલીલો થયા બાદ માછીમારો ને જમીન ફાળવવા બાબતે જીલ્હાધિકારીએ કરેલ ચકાસણી નો અહેવાલ ન્યાયાલય સમક્ષ રજૂ કરવો તેમજ સકારાત્મક ભૂમિકા લઈ રાજય સરકાર નાં પુનર્વસન સચિવે આ સંદર્ભે પ્રયત્ન કરી પ્રતિજ્ઞાપત્ર રજૂ કરવો તેવો હુકમ ખંડપીઠે આપ્યો હતો.

પુનર્વસનના બીજા પ્રશ્નો બાબતે વિચાર કરવા માટે આગામી સુનાવણી ૨૨ સપ્ટેંબર ના થશે.

**(કાર્યાલય સચિવ)**